અપીલ અરજી નં.૧૬ તા.૧૫–૪–૦૯/૧૦

અરજદારઃ શ્રી નઝિર અહમદ ગુલામ મુસ્તુફા શેખ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નઝિર અહમદ ગુલામ મુસ્તુફા શેખની આઈ ડી.નં.૧૩૧૪ તા.૧૩–૨–૦૯ ની અરજીથી વોર્ડ નં.૧૨ નોંધ નં.૪૩૧ તેમજ સર્વે નં.૧૨/૪૩૨, ૪૩૩ વચ્ચે સીટી સર્વેની શીટ મુજબ ગલી દર્શાવેલ છે જેના નિયત માપો દર્શાવેલ ન હોય તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૫–૪–'૦૯ ની અપીલ અરજી નં.૧૬/૨૦૦૯–૧૦

શ્રી નઝિર અહમદ ગુલામ મુસ્તુફા શેખની આઈ ડી.નં.૧૩૧૪ તા.૧૩–૨–૦૯ ની અરજીથી વોર્ડ નં.૧૨ નોંધ નં.૪૩૧ તેમજ સર્વે નં.૧૨/૪૩૨ ૪૩૩ વચ્ચે સીટી સર્વેની શીટ મુજબ ગલી દર્શાવેલ છે જેના નિયત માપો દર્શાવેલ ન હોય તેની માહિતી આપવા બાબતે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૫૧૫ તા.૫–૩–૦૯ થી મળેલ માહિતી અધૂરી , અપૂરતી અને અસંતોષકારક હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૩ તા.૨૨–૪–૦૯થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૧૩૮ તા.૬–૫–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી પૂરી પાડવામાં આવેલ.

અરજદારની તા.૧૩–૨–૦૯ ની અરજીથી વોર્ડ નં.૧૨ નોંધ નં.૪૩૧ તેમજ સર્વે નં. ૧૨/૪૩૨,૪૩૩ વચ્ચે સીટી સર્વેની શીટ મુજબ ગલી દર્શાવેલ છે જેના નિયત માપો દર્શાવેલ ન હોય તેની માહિતી માંગેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ/૧૫૧૫ તા.૫–૩–૦૯ થી માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે. જેમાં વોર્ડ નં.૧૨ નોંધ નં.૪૩૧ અને ૪૩૨ વચ્ચે સીટી સર્વેની શીટ મુજબ ગલી દર્શાવેલ છે. જેમાં નિયત માપો દર્શાવેલ નથી.જેની નકલ નિયત નાણાં ભરપાઈ કરી મેળવી શકો છો. એવી માહિતી અરજદારને આપેલ છે. પરંતુ અન્ય જાહેર સત્તા મંડળને સ્પર્શતી માહિતી અંગે અરજી તબદીલીની વિગતો જણાવેલ નથી. અરજદારે અપીલ અરજીમાં સીટી સર્વેની શીટ મુજબ દર્શાવેલ ગલીના નિયત માપો જો દર્શાવેલ ન હોય તો તે માપો સંબંધકર્તા કચેરી પાસેથી મેળવી એકત્ર કરી માહિતી આપવા તથા તે માટેની ફી કેટલી ભરપાઈ કરવાની થાય તે જણાવેલ ન હોવાની રજુઆત કરેલ.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૨–૦૯ની મૂળ અરજી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ફરીયાદની હકીકતમાં ઉપર નિર્દિષ્ટ વિગતે ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨–(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ દફતરી માહિતી પુરી પાડવાની જોગવાઈ છે. જે મુજબ માહિતી પુરી પડાયેલ છે. પરંતુ નકલ મેળવવા જાહેર માહિતી અધિકારી ધ્વારા આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળી ફી ભરપાઈ કરવા અને નિયમ–૩ હેઠળના નમુનાની વિગતે સમય મર્યાદામાં જણાવેલ નથી. જેથી કાયદાની કલમ–૭(૬) હેઠળ માંગેલ નકલ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

અરજદારની અપીલના તબકકે માપો ન હોય તો સબંધકર્તા કચેરી પાસેથી મેળવીને આપવાની રજૂઆત જોગવાઈ સાથે સુસંગત નથી. તેથી ગ્રાહય રાખવા પાત્ર નથી. પરંતુ તે અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજી લાગત જાહેર સત્તા મંડળને કલમ–૬(૩) અન્વયે અરજદારની જાણ હેઠળ તબદીલ કરવા જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી નઝિર અહમદ ગુલામ મુસ્તુફા શેખ ૧૨/૪૩૧ સોની સ્ટ્રીટ, બડી મસ્જીદ પાસેની ગલીમાં ,રાણીતળાવ , સુરત, તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.